ડીસામાં ઠક્કર પરિવારની દિકરીના લગ્નમાં વૃદ્ધાશ્રમના વડીલોને નોંતરું

ડીસા, તા. ૨૧

હાલ લગ્નની મૌસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે આજે ડીસામાં એક ખાનગી લગ્નસમારોહ અનોખી રીતે સંપન્ન થયો હતો. આજે ડીસામાં ઠક્કર પરિવારની દીકરીના લગ્ન પ્રસંગે દીકરીને આશીર્વચન પાઠવવા માટે પાલનપુરના વૃદ્ધાશ્રમમાં આશ્રય મેળવતા વૃદ્ધોને આમંત્રિત કરાયા હતા.આજના સમાજ માટે વૃદ્ધાશ્રમની સંસ્કૃતિ સૌથી મોટું કલંક બની રહી છે. દીકરાને ઉછેરીને મોટો કર્યો હોય તે જ દીકરો લગ્ન બાદ માતાપિતાને વૃદ્ધાશ્રમમાં મોકલી દે અને પાકટ વયે વૃદ્ધાશ્રમમાં એકલવાયું જીવન વિતાવવું પડે એ વડીલો માટે ખૂબ પીડાદાયક બની રહે છે. માતાપિતા બાળકના ઉછેરની જવાબદારી નિભાવી ઘરડા થઈ જાય છે ત્યારે વૃદ્ધ માં-બાપનો સહારો બનવાની જવાબદારીમાંથી દીકરો છટકી ત્યારે વૃદ્ધ માતા-પિતાના અરમાનો ચકનાચૂર થઈ જાય છે.પોતાના સંતાનોના સંતાનને રમાડવા અને તેમના લગ્નોમાં હોંશે હોંશે શામેલ થવાના અરમાન ધરાવતા ઘણા બદનસીબ માતા પિતાઓને આવું પારિવારિક સુખ મળતું નથી અને તેમને પરિવારના બદલે વૃદ્ધાશ્રમમાં આશરો લેવો પડે છે. ત્યારે ડીસામાં રહેતાં લલીતભાઈ ઠક્કર પરિવારની દીકરી નિશાના લગ્નપ્રસંગની ઉજવણીમાં ખુદ નિશાએ જ તેણીના લગ્નમાં જેમનું કોઈ નથી અને લાચાર બનીને વૃદ્ધાશ્રમમાં રહેતા હોય તેવા વડીલો સામેલ થાય એવી ઈચ્છા વ્યક્ત કરતા નિશાની આ ઈચ્છાને માન આપી ઠક્કર પરિવારે પાલનપુરના વૃદ્ધાશ્રમમાં આશ્રય મેળવતા વૃદ્ધોને આ ખુશીના પ્રસંગમાં સામેલ થવા આમંત્રિત કર્યા હતા. આ પરિવારે બસ મારફત વૃદ્ધાશ્રમના ૫૦ વૃદ્ધોને ડીસા લાવી લગ્નમંડપમાં ઉત્સાહપૂર્વક તેમનું સામૈયું પણ કર્યું હતું. બાદમાં આ તમામ વૃદ્ધોનું સન્માન પણ કરાયું હતું.લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવેલા વૃદ્ધોના ચહેરા ખુશીથી ખીલી ઉઠ્યા હતા અને તેમની આંખો પણ ખુશીના આંસુથી છલકાઈ ગઈ હતી.આ તમામ વૃદ્ધોને આજે યજમાન પરિવારે સુંદર રીતે અલાયદી અને આરામદાયક વ્યવસ્થા પુરી પાડી હેતથી ભોજન પણ પીરસ્યું હતું.લગ્નના આયોજક પરિવારે જણાવ્યું હતું કે તેમની દીકરી નિશાના લગ્ન માટે નિશાને તેની ઈચ્છા પૂછતાં તેણે જણાવ્યું હતું કે તેના લગ્નમાં વૃદ્ધાશ્રમના વૃધ્ધો પણ સામેલ થાય... નિશા એકવાર પરિવાર સાથે પાલનપુર વૃદ્ધાશ્રમની મુલાકાતે ગઈ હતી ત્યારે વૃદ્ધાશ્રમના વૃધ્ધોની મુલાકાત તેના દિલ પર ઊંડી અસર પડી ગઈ હતી અને તેના લીધે જ નિશાએ આ ઈચ્છા વ્યક્ત કરી હતી.દીકરીના લગ્નમાં વૃદ્ધાશ્રમના વડીલોને આમંત્રિત કરી ડીસાના ઠક્કર પરિવારે સમાજને ઉમદા સંદેશ આપ્યો છે ત્યારે આ અનોખા લગ્ન સમારોહમાં ગુજરાત સરકારના વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, બનાસકાંઠા જીલ્લા ભાજપના મહામંત્રી અમૃતભાઈ દવે, ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ માળી સહીત અન્ય આગેવાનોએ પણ ઉપસ્થિત રહી ઠક્કર પરિવારની દીકરી નિશાનું લગ્નજીવન સુખમય પસાર થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

બનાસકાંઠા- ખેડા જિલ્લામાં ૫૭ ટકાથી વધુ મતદાન

બનાસકાંઠા, ખેડા, ગાંધીનગર તાલુકા પંચાયતનું સરેરાશ ૬૨ ટકા મતદાન, ૧૭ તાલુકા પંચાયતમાં સારુ મતદાન

ગાંધીનગર,તા. ૨૧

રાજયની બનાસકાંઠા અને ખેડા એમ બે જિલ્લા પંચાયતોની અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી આજે ભારે ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાઇ હતી. શાંતિપૂર્ણ માહોલમાં બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતનું મતદાન સંપન્ન થયું હતું. ગ્રામ્ય વિસ્તારના મતદારોએ જો કે, નગરપાલિકા અને ગ્રામ પંચાયતોની ચૂંટણી જેટલો ઉત્સાહ દાખવ્યો ન હતો પરંતુ એકંદરે સરેરાશ મતદાન નોંધાયું હતું. બનાસકાંઠા જિલ્લા પંચાયતનું સાંજે ચાર વાગ્યા સુધી સરેરાશ મતદાન ૫૬.૮૭ ટકા અને ખેડા જિલ્લા પંચાયતનું સરેરાશ મતદાન ૪૬.૧૨ ટકા જેટલું નોંધાયું હતું. આમ, આ બંને જિલ્લા પંચાયતનું સરેરાશ મતદાન ૫૨.૭૧ ટકા નોંધાયું હતું. સાંજે પાંચ વાગ્યા સુધીનુ અંતિમ મતદાન ૫૭ ટકાની આસપાસ નોંધાયાનો અંદાજ છે. આ જ પ્રકારે ખેડા, ગાંધીનગર અને બનાસકાંઠા એ ત્રણેય તાલુકા પંચાયતનું મતદાન અનુક્રમે ૬૨.૭૫ ટકા, ૬૨.૯૯ ટકા અને ૫૭.૩૫ ટકા નોંધાયું હતું. આ ત્રણેય તાલુકા પંચાયતનું સરેરાશ મતદાન જોઈએ તો, ૫૮.૨૭ ટકા નોંધાયું હતું. જે સાંજે પાંચ વાગ્યા સુધીના અંતિમ મતદાનમાં ૬૨ ટકાની આસપાસ નોંધાયાનો અંદાજ છે. આ ચૂંટણીઓનું પરિણામ હવે તા.૨૩મી ફેબ્રુઆરીએ જાહેર થશે.

આ અંગે રાજયના મુખ્ય ચૂંટણી સચિવ મહેશભાઈ જોષી, મદદનીશ ચૂંટણી અધિકારી વી.એમ.પટેલે જણાવ્યું હતું કે, આજે રાજયની બનાસકાંઠા અને ખેડા એમ બે જિલ્લા પંચાયત અને કુલ ૧૭ તાલુકા પંચાયતો માટેની ચૂંટણી યોજાઈ હતી, જે એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના નોંધાઇ ન હતી. જે ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી યોજાઇ હતી તેમાં બનાસકાંઠા, ગાંધીનગર અને ખેડા તાલુકા પંચાયત ઉપરાંત બનાસકાંઠા જિલ્લા પંચાયત હેઠળ આવતી ૧૪ તાલુકા પંચાયતો વડગામ, સૂઈ, ભાભર, વાવ, લાખાણી, દાંતીવાડા, પાલનપુર, કાંકરેજ, થરાદ, દાંતા, અમીરગઢ, ડીસા, દિયોદર અને ધાનેરા તાલુકા પંચાયતોની ચૂંટણી યોજાઇ હતી. બનાસકાંઠા જિલ્લા પંચાયત માટે ભાજપ અને કોંગ્રેસના ૬૫-૬૫ ઉમેદવારો વચ્ચે જંગ રહ્યો હતો તો, ખેડા જિલ્લા પંચાયત માટે આ બંને પક્ષના ૪૪-૪૪ ઉમેદવારો વચ્ચે હોડ જામી હતી. બનાસકાંઠા, ગાંધીનગર અને ખેડા તાલુકા પંચાયત માટે કુલ ૩૪૩ બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી. આ ત્રણ તાલુકા પંચાયતોની સાત બેઠકો અગાઉ બિનહરીફ થઇ છે. આ જ પ્રકારે બનાસકાંઠા જિલ્લા પંચાયત માટે ૬૫ બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી, તેમાં એક બેઠક અગાઉ બિનહરીફ થઇ હતી. તો ખેડા જિલ્લા પંચાયતની ૪૪ બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી. જેમાં કઠલાલ તાલુકા પંચાયતની ૨૪ અને કપડવંજ તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માટે મતદાન યોજાયું

રાજયના મુખ્ય ચૂંટણી સચિવ મહેશભાઈ જોષી અને મદદનીશ ચૂંટણી અધિકારી વી.એમ.પટેલે વધુમાં જણાવ્યું હતું કે, બનાસકાંઠા અને ખેડા એમ બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીનું પરિણામ તા.૨૩મી ફેબ્રુઆરીએ જાહેર કરાશે. આજની ચૂંટણીમાં મતદારો દ્વારા મતાધિકાર માટે ઈવીએમનો ઉપયોગ કરાયો હતો.

રાજયના કુલ ૨૩૧૬ મતદાન મથકો પર શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટે ૧૧,૫૮૦ પોલીંગ સ્ટાફ ફરજ પર તૈનાત રહ્યો હતો. મતદાન મથકો પર આશરે અઢી હજારથી વધુ સુરક્ષા જવાનો ફરજમાં તૈનાત રખાયા હતા. તંત્રના અસરકારક પ્રયાસોને પગલે આજે ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

મોટી ઈસારોલ નજીક તેલ ભરેલ ટ્રક પલટી જતા લાખ્ખોનું નુકસાન

અરવલ્લી જિલ્લામાં આજે મોડાસાના મોટી ઈસરોલ પાસે ફોર્ચ્યુન કંપનીનું સરસ્યુ ભરેલી ટ્રક પલટી જતા લાખોનું નુકશાન ટ્રક પલટી જતા બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. રાજસ્થાન કોટાથી સુરત જતી તેલ ભરેલી ટ્રક પલટી ગઈ હતી જેથી થેલી અને બોટલમાં ભરેલ તેલ ફૂટી જતા નુકસાન થયું હતું. સદનસીબે ટ્રક પલટી ખાતા પહેલા ટ્રક ચાલક અને ક્લીનર કૂદી પડતા બંનેનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતના પગલે મોડાસા રૂરલ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ધસી આવ્યા હતા.

પ્રાંતિજ ખાતે શાળાઓમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ પ્રાથમિક શાળાઓમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાઓમાં શિક્ષકો દ્વારા માતૃભાષા વિષે વિદ્યાર્થીઓને મહત્વ સમજાવીને માર્ગદર્શન પુરું પાડી વિવિધ સ્પાર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ તાલુકામાં આવેલ ૧૧૩ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી ભાગરૂપે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ તાલુકામાં આવેલ કતપુર પ્રાથમિક શાળા, નવાબાકરપુર પ્રાથમિક શાળા, અમીનપુર પ્રાથમિક શાળા, ચંચળબા પ્રાથમિક શાળા, પોગલુ પ્રાથમિક શાળા, શાળા નં-૨ વિવિધ પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના બાદ માતૃભાષા વિષે શાળાના બાળકોને શાળાના શિક્ષકો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આજનાં દિવસે તાલુકાની શાળામાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, કાવ્યપઠન, લોકગીત સ્પર્ધા, વાર્તા કથન, લોકવાર્તા જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું પણ દિવસ દરમિયાન આયોજન કરી બાળકોમાં માતૃભાષા પ્રત્યેની જાગરૂકતા આવે તે માટેના સુંદર આયોજન સાથે વિશ્વ માતૃભાષાની ઉજવણી કરવામાં આવી હતી.

શામળાજી પોલીસે મહિલા બુટલેગર સહીત ઈકો કારમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૧

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડી રાજ્યના યુવાધનને બરબાદીના પંથે ધકેલી રહ્યા છે. શામળાજી પોલીસે આંતરરાજ્ય સરહદ સાથે જોડાયેલ નેશનલ હાઈવે નં-૮ સહીત ગ્રામ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરી વિદેશી દારૂ ઘુસાડવાના બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવતા બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ રહેતા હોય છે. શામળાજી પોલીસે અણસોલ ગામની સિમમાંથી ઈકો કારમાંથી ૫૨૪૦૦ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી મહિલા બુટલેગર અને અન્ય બે શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલા અણસોલ ગામ નજીકથી શામળાજી પોલીસે મંગળવારે રાત્રીના ૯ વાગ્યાના સુમારે પસાર થતી ઈકો કાર ગાડી. (નં.જીજે૦૧ આરે. ૮૫૦૦)ને અટકાવી તલાશી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ અને બિયરની પેટી -૧૨ જેમાં બોટલ-ટીન નંગ-૪૩૨ જેની કીં. રૂ. ૫૨૪૦૦ તથા મોબાઈલ-૧ કીં. રૂ. ૧૦૦૦ તથા ઈકો કારની કી. રૂ. ૨૦૦૦૦૦ મળી કુલ રૂ.૨૫૩૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક નિર્મલ સુમન બારોટ (રહે, પોલુન્દ્રા ગાંધીનગર), વિશાલ બજરંગ ગાયકવાડ (રહે, કેકડીયા વાસ,નરોડા પાટિયા અમદાવાદ) તથા મહિલા બુટલેગર રંજુ મનીષ પાનવેકર (રહે, કેકાડી વાસ નરોડા પાટિયા)ની ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ત્રણેય આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

આઈસીએઆઈ અમદાવાદ બ્રાંચ રચનાત્મક કાર્યો કરશે

અમદાવાદ,તા. ૨૧

ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા(આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બ્રાંચના વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવા હોદ્દેદારો ચૂંટાઇ આવ્યા છે. જેમાં ચેરમેન તરીકે સીએ નીરવ ચોક્સી, વાઇસ ચેરમેન તરીકે સીએ ગણેશ નાદર, સેક્રેટરી તરીકે ફેનીલ શાહ અને ટ્રેઝરર તરીકે બિશન શાહ ચૂંટાઇ આવ્યા છે. અમદાવાદ બ્રાંચના ચેરમેન સીએ નીરવ ચોક્સીએ નવો હોદ્દો ગ્રહણ કર્યા બાદ આશાવાદ વ્યકત કર્યો હતો કે, આઈસીએઆઈની અમદાવાદ બ્રાંચ દ્વારા આ વર્ષે સીએ મેમ્બર્સના નોલેજ અપગ્રેડેશન, સ્ટુડન્ટ્સને પ્રોફેશનલ તકો પૂરી પાડવા સહિતની પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા સામાજિક દ્રષ્ટિકોણથી કંઇક અલગ જ રચનાત્મક કાર્યો કરશે. જેમાં જરૂરિયાતંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાયથી લઇ સામાજિક સેવાનો સમાવેશ થાય છે.

નવા ચેરમેન સીએ નીરવ ચોકસીએ વધુમાં જણાવ્યું હતું કે, સને ૧૯૬૨માં સ્થપાયેલી અમદાવાદ બ્રાંચ આઈસીએઆઈની ભારતમાં ૯૫૦૦થી વધુ સભ્યો સાથેની બીજા નંબરની સૌથી મોટી બ્રાંચ છે. તેમણે એક વર્ષ સુધી તેમના કાર્યકાળ દરમ્યાન સીએ ફેકલ્ટી અને ફિલ્ડ માટે વિશેષ વીઝન ડોકયુમેન્ટ તૈયાર કરવાની જાહેરાત કરી હતી. જેમાં સીએ મેમ્બર્સને બદલાતા કાયદા અને ફેરફારોનું નોલેજ અપગ્રેડેશન, ફ્રેશ સીએને પ્રોફેશનલ તક પૂરી પાડવા, વિદ્યાર્થીઓ માટે કેરીએર ઓરિએન્ટેડ માર્ગદર્શન અને તાલીમ, આર્ટિકલશીપ ટ્રેનીંગ, મેમ્બર્સ માટેની નેશનલ કોન્ફરન્સ અને આવી જ સ્ટુડન્ટ્સ માટેની પણ કોન્ફરન્સ સહિતના આયોજનો હાથ ધરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, આ વખતે અમદાવાદ સામાજિક સેવા અને સમાજને કંઇ વળતુ પરત કરવાના ઉમદા આશયથી અલગ પ્રકારના રચનાત્મક કાર્યો પણ કરશે. જેમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. સાથે સાથે જે વિદ્યાર્થીઓ વારંવાર ફેલ થવા છતાં સીએ કલીયર નથી કરી શકતા તેવા વિદ્યાર્થીઓને ખાસ તાલીમ આપી નિષ્ણાત એકાઉન્ટન્ટ બનાવી તેમને રોજગાર અપાવવાનું અનોખુ અભિયાન પણ હાથ ધરાશે.

તેમણે સભ્યો અને વિદ્યાર્થીઓના સર્વગ્રાહી વિકાસ સિધ્ધ કરવાની લાગણી વ્યકત કરી હતી. સાથે સાથે મેનેજીંગ કમીટીના સભ્યો અને સાથીઓ પ્રત્યે ૨૦૧૮-૧૯ના વર્ષ માટે બ્રાંચના ચેરમેન તરીકે તેમનામાં વિશ્વાસ મૂકવા બદલ સીએ નીરવ ચોકસીએ કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરી હતી.

ધનસુરા એપીએમસીમાં વાઈસ ચેરમેનની વરણી કરાઈ

ધનસુરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં વાઈસ ચેરમેન તરીકે ભરતભાઈ સોમાભાઈ પટેલની વરણી કરાઈ હતી. બીજી ટર્મ માટે વાઈસ ચેરમેન તરીકે ભરતભાઈ સોમાભાઈ પટેલની વરણી કરાઈ હતી. તેમની ૪ વાર વાઈસ ચેરમેન પદે વરણી કરાતા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહા ઠાકોર, અરવલ્લી જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ સચિનભાઈ પટેલ, ધનસુરા માર્કેટના ચેરમેન જગદીશભાઈ પટેલ, ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ, માર્કેટના સભ્ય નરેન્દ્રભાઈ એલ. પટેલ, ધનસુરા એપીએમસીના સેક્રેટરી રવિન્દ્રભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહીને અભિનંદન પાઠવ્યા હતા.



Agricultural Produce Market Committee
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, મોડાસા
E-mail ID :- modasaapmc@gmail.com

મોડાસા માર્કેટયાર્ડ શ્રી રિદ્ધિ પ્રોટીન્સનું હંગામી ધોરણે લાયસન્સ રદ કરાયું

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માર્કેટયાર્ડમાં આવેલી શ્રી રિદ્ધિ પ્રોટીન્સ નામની ખાનગી પેઢીના વેપારી દ્વારા ખેડૂત પાસેથી હરાજીમાં કપાસ ખરીદી કરી હરાજીમાં પડેલ ભાવ કરતા ૨૦ કિલો (૧ મણ) કપાસે ૧૦ રૂપિયા કાપી લેતા ખેડૂતે વેપારીને પુછતા ચેકના બદલે રોકડમાં નાણા ચુકવવામાં આવ્યા હોવાનું જણાવી ૧ મણે કાપવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું અને માર્કેટયાર્ડમાં બધા વેપારીઓ દ્વારા ખેડૂતની ઉપજના હરાજીમાં પડેલ ભાવ ચેકના બદલે રોકડમાં રૂપિયા આપી વટાવ કાપવામાં આવતો હોવાનું જણાવતા ખેડૂત સમસમી ઉઠ્યો હતો અને આ અંગેના સમાચાર એક માત્ર ગાંધીનગર સમાચારમાં અહેવાલ છપાતા માર્કેટયાર્ડના સત્તાધીશો હરકતમાં આવ્યા હતા અને નોટિસ ફટકારતા વેપારી દ્વારા યોગ્ય જવાબ ન અપાતા તા. ૨૧-૨-૨૦૧૮ના રોજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ હંગામી ધોરણે લાયસન્સ રદ કરવામાં આવ્યું હતું.

એમઓયુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચહેરાને સંપૂર્ણ રીતે બદલી દેવામાં આવનાર છે. અગાઉ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યુપી ઈન્વેસ્ટર્સ સમિટની શરૂઆત થઈ હતી. આ પ્રસંગે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી, અદાણી ગ્રુપના ગૌતમ અદાણી, એસ્સેલ ગ્રુપના સુભાષ ચન્દ્રા, આદિત્ય બિડલા ગ્રુપના કુમાર મંગલમ બિડલા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ચેરમેન આનંદ મહિન્દ્રા, કેડિલા હેલ્થકેરના ચેરમેન પંકજ પટેલનો સમાવેશ થાય છે. અનેક અન્ય ઉદ્યોગપતિઓ પણ હાજર રહ્યા હતા. મુકેશ અંબાણીએ પોતાની કંપની દ્વારા રોકાણની જાહેરાત કરી હતી. આદિત્ય બિડલા ગ્રુપે પણ ૨૫૦૦૦ કરોડના રોકાણ કરવાની જાહેરાત કરી હતી. સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે દિવસીય ઈન્વેસ્ટર્સ સમિટનુ ઉદ્દઘાટન કર્યુ હતુ. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ કહી ચુક્યા છે કે દેશના અન્ય રાજ્યોમાં યોજાતા સમિટ કરતા આ સમિટનુ કદ ખુબ મોટુ છે. શિખર સંમેલનના સમાપન સમારોહમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ ખાસ રીતે હાજર રહેશે. ઈન્વેસ્ટર સમિટમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહ, નાણાંપ્રધાન અરૂણ જેટલી, માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરી પણ હાજર રહ્યા છે. ઈન્વેસ્ટર સમિટમાં દેશના સૌથી અમીર વ્યક્તિ અને ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, ગૌતમ અદાણી અને આનંદ મહિન્દ્રા ખાસ રીતે પહોંચ્યા હતા.

સીરિયામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

દહેશતમાં મુકાઈ ગયા છે. રવિવારથી લઈને હજુ સુધી છેલ્લા ત્રણ દિવસના ગાળામાં જ ૧૯૪ લોકોના મોત થયા છે. ૧૯૪ લોકોમાં ૫૭ બાળકોનો સમાવેશ થાય છે. રવિવારના દિવસે બળવાખોરોના કબજાવાળા વિસ્તારમાં હવાઈ હુમલા, રોકટે હુમલા અને તોપમારો કરવામાં આવ્યો હતો. આ તમામ હુમલામાં હજુ સુધી વ્યાપક નુકસાન થઈ ચુક્યુ છે. સીરિયામાં હાલમાં દવા અને અન્ય જીવનજરૂરી ચીજો મળવાનુ પણ મુશ્કેલ થઈ ગયુ છે. રવિવારથી લઈને હજુ સુધી કરવામાં આવેલા હુમલામાં ૮૫૦ લોકો ઘાયલ થયા છે. મંગળવારના દિવસે કરવામાં આવેલા હુમલામાં ૨૪ લોકોના મોત થયા હતા. સોમવારના દિવસે તોપમારા અને હવાઈ હુમલામાં ૩૦૦ લોકો ઘાયલ થયા હતા. નવેસરના હવાઈ હુમલામાં ૫૦ લોકોના મોત થયા છે. જેમાં ૧૩ બાળકોનો સમાવેશ થાય છે.

ઘટાડો નોંધાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૬ની તુલનામાં ૨૦૧૭માં ૭૬૭ જેટલા ઓછા જન્મ થતાં સેક્સ રેસિયામાં તફાવત આવે તે સ્વાભાવિક હોવાની વાત સ્વીકારતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આરોગ્ય સેવાના સઘનીકરણને પગલે જિલ્લામાં સરકારી સંસ્થાઓમાં થતી પ્રસુતિની ટકાવારીમાં વધારો નોંધાયો છે એટલુ જ નહિ ૧૦૦ ટકા સંસ્થાકીય પ્રસુતિની સિદ્ધિ પણ તંત્રએ મેળવી છે.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૧૬.૫૭૦ કિ.મી. કરવાનો લક્ષ્યાંક હતો જેમાં છેલ્લા બે વર્ષમાં ૭,૩૬૫ કિ.મી.નું કામ થયુ છે. પ્રશાખાઓનું કામ જે ૩૧૪.૬૯૦ કિ.મી.નું કરવાના લક્ષ્યાંક સામે ૧૯.૦૫૨ અને ૧૩.૩૧૯ કિ.મી. કામ થયું છે.

તેમણે સ્વીકાર્યુ હતુ કે જિલ્લામાં ૫૪૧.૮૬૧ કિ.મી.નું નેટવર્ક ઉભુ કરવાનું લક્ષ્યાંક હતુ પરંતુ ૨૦૧૫ અને ૨૦૧૬માં ૨૬.૧૪૭ અને ૨૦૧૭માં ૧૩.૩૧૯ કિ.મી.નું કામ જ થઈ શક્યુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે વિશાખા અને પ્રશાખા નહેરોના બાકી કામો જમીન સંપાદન અને અન્ય યુટીલીટી ક્રોસીંગ જેવા કે રેલવે, રસ્તાઓ, ગેસ-ઓઈલ પાઈપલાઈન, ટેલિફોન ઈલેક્ટ્રીક લાઈન વિગેરેની સંબંધિત વિભાગની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલુ વહેલુ કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

પ્રપ્રશાખાઓની કામગીરી ખેડૂત ભાઈઓની ભાગીદારીમાં કરવાની થતી હોઈ તેમની સંપત્તિ તથા ફાળો મળ્યાથી વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન હોવાનું પણ મંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● **સિવિલ હોસ્પિટલની ખાલી જગ્યા**

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર અને નર્સની મંજૂર થયેલ જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યું છે કે ડૉક્ટર્સની ૩૬૮ જગ્યાઓ અને નર્સની ૪૫૯ જગ્યાઓ મંજૂર થયેલ છે.

તેમણે જણાવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં ૧૩૩ ડૉક્ટર્સ અને ૯૦ નર્સની ભરતી કરવામાં આવી છે.

આ પછી હાલ ૧૧૩ જગ્યાઓ ડૉક્ટર્સની અને ૧૦૮ જગ્યાઓ નર્સીંગ સ્ટાફની ખાલી રહેવા પામી છે.

● **અને છેલ્લે...**

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યું છે કે જિલ્લાના વિવિધ સરકારી દવાખાનાઓના મંજૂર મહેકમ સામે ખાલી રહેતી જગ્યાઓ પર યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થતાં ભરતીની કામગીરી ત્વરિત હાથ ધરાશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય